**આંક:**

**અરવલ્લી જીલ્લાના મહેરબાન સત્ર ન્યાયાધીશશ્રી એચ.સી.વોરા**
**સાહેબની અદાલતમાં, મુકામ: મોડાસા**
**કેંસલ તારીખ:૧૨મી જુન સને ૨૦૨૩**

**સેશન્સ કેસ નં.૨૮ સને ૨૦૧૮**
**(માલપુર પો.સ્ટે.એફ.આઈ.આર.નંબર:(ા)ગુ.ર.નં.૦૫૩/૨૦૧૭)**

**ફરીયાદી** : શ્રી સરકાર
(વિધ્વાન પી.પી.શ્રી ડી.એસ.પટેલ)

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : (૧) જવાનજી મથુરજી પાંડોર (મરણ ગયેલ છે)
(૨) રવિદત્ત જવાનજી પાંડોર, ઉ.વ.આ.૨૬
(૩) દલપતભાઈ સુરમાભાઈ પાંડોર,ઉ.વ.આ.૪૫
ત્રણે રહે.ગોવિંદપુર (વચલા) તા:માલપુર, જી.અરવલ્લી
(વિધ્વાન વકીલ શ્રી કે.એમ.મારીવાડ)

FORM-B

| | |
|---|---|
| Date of Offence | 20.10.2017 |
| Date of FIR | 20.10.2017 |
| Date of Charge Sheet | 23.01.2018 |
| Date of Framing of Charge | 18.12.2019 |
| Date of Commencement of Evidence | 29.09.2021 |

| | |
|---|---|
| Date of which Judgment is reserved | 01.06.2023 |
| Date of the judgment | 12.06.2023 |
| Date of the Sentencing order, if any | Nil. |

**Accused Details**

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed. | Period of detention undergone during trial for purpose of section 428, Cr.P.C |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Javanji Mathuraji Pandor | 20.10.2017 | 27.10.2017 | 307,323, 504,506 (2),114 of IPC & 135 Of GPA | ------- | ---"--- | Abeted |
| 2 | Ravidatt Javanji Pandor | 13.11.2017 | 13.11.2017 | ---"--- | Acquitted | ---"--- | 13.11.2017 to 13.11.2017 |
| 3 | Dalapatnhai Surmabahi Pandor | ---"--- | ---"--- | ---"--- | ---"--- | ---"--- | ---"--- |

## : <u>ઠ રા વ</u> :

**૧).** હાલના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલું છે.

**૧.૧)** આ કામના આરોપી નં.૦૧ જવાનજી મથુરજી પાંડોર ચાલુ કામે ગુજરી ગયેલ હોઈ તા:૨૯–૦૯–૨૦૨૧ ના રોજ ચાર્જસીટ લગત હુકમ કરી તેમના પુરતો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને અન્ય આરોપીઓ વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**૨).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા:૨૦–૧૦–૨૦૭ ના કલાક:૨૦/૦૦ વાગ્યા ના સુમારે મોજે

ગોવિંદપુર (વચલા) ગામે આ કામના ફરીયાદી અમૃતભાઈ લાલાભાઈ પગીની દિકરી હંસાબેનને આરોપી નં.ર રવિદત્ત જવાનજી નાઓ ભગાડી ગયેલ હોય જેઓ દિવાળીના તહેવારમાં પોતાના ઘરે આવેલ હોય આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપીઓના ઘરે પોતાની દિકરી હંસાબેનને લેવા સારૂ જતાં ત્રણેય આરોપીઓએ બિભત્સ ગાળો બોલી બુમો પાડી ''અમારી વહુને લઈ જવા  વાળાને અહીંથી જીવતા જવા દઈશું નહી તમામ તો કટકા કરી નાંખીશું''તેમ કહી આરોપી નં.૦૧ જવાનજી મથુરજી પાંડોરનાએ નીચે પડેલ તલવારથી સાહેદ ગોરધનભાઈ જેસાભાઈ મારીવાડ તથા સાહેદ કેશાભાઈ લાલાભાઈ પગીનાઓને માથામાં મારી આરોપી નં.૦ર અને ૦૩ નાએ પોતાના હાથમાંથી લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને લાકડીઓના ફટકા તેમજ ગડદાપાટુનો માર મારી એકબીજાને મદદગારી કરી જીલ્લા મેજી. શ્રીના જાહેરનામાનો ભંગ કર્યા મતલબની ફરીયાદ આપેલી તે ફરીયાદ માલપુર પો.સ્ટે.માં ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર:૦પ૩/ર૦૧૭ થી નોંધીને પોલીસે તેની કાયદેસરની તપાસ કરેલી.

**3).** ઉપર મુજબની ફરીયાદ આ કામના ફરીયાદીએ માલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રૂબરૂ આપતાં તેઓએ તે ફરીયાદી જણાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા માટે માલપુર પો.સ્ટે.ના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. તેઓએ ફરીયાદ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ અને સ્ટેશન ડાયરીમાં તે મુજબની નોંધ કરેલી અને આગળની તપાસ પો.સ.ઈ.શ્રી,માલપુરને તપાસ સોંપેલી.

૪).      ત્યારબાદ આગળની તપાસનીસ અધિકારીશ્રી કે.ડી.બ્રહમભટ્ટ એ ગુનાની તપાસ સંભાળી લીધેલી અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, ઈજા પામનારના શરીર સ્થિતીના પંચનામા કરેલા, ઈજા પામનાર મેડીકલ સર્ટીફીકેટ મેળવેલા, ગુનામાં વપરાયેલ મુદ્દામાલ હથીયાર પંચનામા ની વિગતે કબજે કરેલ અને તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલ, આરોપીઓ મળી આવતાં અટક કરેલા અને ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસનીસ અધિકારીશ્રીએ માલપુરના વિ. જયુડી.મેજી. ફ. ક. શ્રીની કોર્ટમાં ચાર્જસીટ દાખલ કરેલું.

૫).      માલપુરના વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રીએ આરોપીઓની હાજરી માટે સમન્સ કરતાં આરોપીઓ તેમના વિ.વકીલ શ્રી મારફતે હાજર થયેલા. ત્યારબાદ માલપુરના વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૦૭ અન્વયે આરોપીઓને તેમના વિરૂધ્ધ પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલી.પરંતુ આરોપીઓ વિરૂધ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી માત્ર સેશન્સ અદાલતમાં ચાલી શકે તેમ હોઈ માલપુરના વિધ્વાન જયુડી.મેજી.ફ.ક.શ્રી નાઓએ ક્રિ. પ્રો. કોડની કલમ: ૨૦૯ અન્વયે આંક-૧૦ નીચે હુકમ કરી આ કેસ સેસન્સ કોર્ટમાં કમીટ કરેલો.

૬).      સદરહું કેસ અત્રેની કોર્ટમાં કમીટ થઈને આવતાં આરોપીઓ ને હાજરી માટે સમન્સ કરતાં આરોપીઓને તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા.

૭). આરોપીઓને તેમના વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ પુરોગામી સત્ર ન્યાયાધિશશ્રીએ ક્રિ.પ્રો.કોડ ની કલમ:૨૨૮ અન્વયે આંક-૦૮ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ:૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવેલું. જે તહોમતનામું આરોપીઓ ને વાંચી સંભળાવી સમજાવ્યા બાદ આરોપીઓના નિવેદન લેતાં આરોપીઓ એ ગુન્હાનો ઈન્કાર કરેલો અને આમ આ કેસ ઉપસ્થિત થયેલ છે.

૮). આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**: <u>મૌખીક પુરાવો</u> :**

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| P.W.01 | અમૃતભાઈ લાલાભાઈ પગી-ફરીયાદી | ૧૫ |
| P.W.02 | સુરેશભાઈ જેશાભાઈ પાંડોર-પંચ સાહેદ | ૧૮ |
| P.W.03 | નવાભાઈ પુજાભાઈ પાંડોર-પંચ સાહેદ | ૨૩ |
| P.W.04 | ગુલાબભાઈ રણછોડભાઈ પાંડોર-પંચ સાહેદ | ૨૪ |
| P.W.05 | અલ્પેશભાઈ હાથીભાઈ પગી-પંચ સાહેદ | ૨૫ |
| P.W.06 | અરજણભાઈ નાનાભાઈ પગી-પંચ સાહેદ | ૩૧ |
| P.W.07 | હાથીભાઈ માલાભાઈ પગી-પંચ સાહેદ | ૩૭ |
| P.W.08 | જશવંતભાઈ લક્ષ્મણભાઈ ખાંટ-પંચ સાહેદ | ૩૯ |
| P.W.09 | નાથાભાઈ માલાભાઈ પગી- પંચ સાહેદ | ૪૦ |

| નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| P.W.10 | કેશાભાઈ લાલાભાઈ પગી–ઈજા પામનાર સાહેદ | ૪૩ |
| P.W.11 | ચહેરાભાઈ લાલાભાઈ પગી–ઈજા પામનાર સાહેદ | ૪૪ |
| P.W.12 | કોકીલાબેન અમૃતભાઈ પગી–ઈજા પામનાર સાહેદ | ૪૫ |
| P.W.13 | સુર્યાબેન કેશાભાઈ પગી–ઈજા પામનાર સાહેદ | ૪૭ |
| P.W.14 | હંસાબેન અમૃતભાઈ પગી–સાહેદ | ૪૮ |
| P.W.15 | ગોરધનભાઈ જેશાભાઈ મારીવાડ–ઈજા પામનાર સાહેદ | ૫૦ |
| P.W.16 | રણછોડભાઈ અમરાભાઈ પાંડોર–સાહેદ | ૫૧ |
| P.W.17 | ડો.પ્રતિક્ષાબેન કાન્તીલાલ ડામોર–તબીબ સાહેદ | ૫૪ |
| P.W.18 | ડો.પિયંકકુમાર નવનીતભાઈ પટેલ–તબીબ સાહેદ | ૬૭ |
| P.W.19 | કેતનકુમાર દિલીપભાઈ બ્રહમભટ્ટ–ત.ક.અમલદાર | ૭૪ |

૯). ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**: દસ્તાવેજી પુરાવો :**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ (P.W.01) | ૧૬ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ(P.W.02) | ૧૯ |
| ૩. | ગુન્હામાં વપરાયેલ હથીયાર કબજે કર્યા અંગેનું પંચનામુ (P.W.02) | ૨૦ |
| ૪. | આરોપીઓની શરીર સ્થિતીનું પંચનામુ (P.W.05 & 06) | ૨૬,૩૨ |
| ૫. | ડીસ્કવરી પંચનામુ (P.W.09) | ૪૧ |
| ૬. | પોલીસ યાદી (P.W.17) | ૫૫ |

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૭. | મેડીકલ કેસ પેપર્સ (P.W.17) | ૫૬,૫૮,<br>૬૦,૬૨,<br>૬૪ |
| ૮. | ઈજા પામનાર સુર્યાબેનનું મેડીકલ સર્ટીફીકેટ (P.W.17) | ૫૭ |
| ૯. | ઈજા પામનાર કોકીલાબેનનું મેડીકલ સર્ટીફીકેટ (P.W.17) | ૫૯ |
| ૧૦. | ઈજા પામનાર ચહેરાભાઈનું મેડીકલ સર્ટીફીકેટ (P.W.17) | ૬૧ |
| ૧૧. | ઈજા પામનાર કેશાભાઈનું મેડીકલ સર્ટીફીકેટ (P.W.17) | ૬૩ |
| ૧૨. | ઈજા પામનાર અમૃતભાઈનું મેડીકલ સર્ટીફીકેટ (P.W.17) | ૬૫ |
| ૧૩. | ઈજા પામનાર ગોવર્ધનભાઈનું મેડીકલ (P.W.18) | ૬૮ |
| ૧૪. | પોલીસ યાદી(P.W.18) | ૬૯ |
| ૧૫. | સુચિપત્ર (P.W.19) | ૭૫ |
| ૧૬. | ઈજા પામનારના મેડી.સર્ટી.મેળવવાની યાદી (P.W.19) | ૭૬ |
| ૧૭. | મેડીકલ ઓફીસરને બ્લડ સેમ્પલ માટે લખેલ યાદી (P.W.19) | ૭૭ |
| ૧૮. | સ્થળ પરીક્ષણ અહેવાલ (P.W.19) | ૭૮ |
| ૧૯. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી (P.W.19) | ૭૯ |
| ૨૦. | મુદ્દામાલ રવાનગી નોંધ (P.W.19) | ૮૦ |
| ૨૧. | એફ.એસ.એલ.ની પહોંચ (P.W.19) | ૮૧ |
| ૨૨. | એફ.એસ.એલ.નો અહેવાલ (P.W.19) | ૮૨ |
| ૨૩. | જાહેરનામુ (P.W.19) | ૮૩ |

**૧૦).** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં સરકાર તરફે વિધ્વાન પી. પી. શ્રીએ આંક-૮૫ થી તેઓ હવે વિશેષ કોઈ મૌખિક પુરાવો આપવા માંગતા

નથી તેવી કલોઝીંગ પુરસીસ આપતાં ક્રિ.પ્રો. કો.કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ જવાબ લેવામાં આવેલો. આરોપીઓએ પોતાના વિશેષ જવાબમાં જણાવેલ છે કે,ખોટો કેસ કરેલ છે.

**૧૧).** સરકાર તરફે વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા મોટાભાગના સાહેદો ફરી ગયેલા છે. પરંતુ તબીબી પુરાવાથી તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે. આમ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

**૧૨).** આ કામે આરોપીઓ તરફે હાજર રહેલ વિ.વકીલ શ્રી એસ. આર.ભરવાડ ધ્વારા એવી દલીલ થયેલ છે કે, ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ તેમજ અન્ય સાહેદ તેમજ પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ કેસની હકીકતે લેશમાત્ર સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદપક્ષે વ્યાજબી, શંકાથી પર એવો આરોપીઓ વિરૂધ્ધ પુરાવો રજુ થયેલ નથી. જેથી પુરાવાના અભાવે ફરીયાદપક્ષ હાલનો ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને હાલના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૩).** ઉપરોકત કેસના નિર્ણય માટે મારે નીચે મુજબના મુદ્દા નકકી કરવાના રહે છે.

// **મુદ્દા** //

(૧). શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા:૨૦-૧૦-૨૦૧૭ ના રોજ કલાક : ૨૦/૦૦ વાગ્યાના સુમારે મોજે ગોવિંદપુર(વચલા) ગામે આ કામના ફરીયાદીની દિકરી હંસાબેનને આરોપી નં.૦૨ નાઓ ભગાડી ગયેલ હોય અને દિવાળીના તહેવારમાં પોતાના ઘરે આવેલ હોય આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપીઓ ના ઘરે પોતાની દિકરી હંસાબેને લેવા સારૂ જતાં આરોપીઓએ બિભત્સ ગાળો બોલી બુમો પાડી ''અમારી વહુને લઈને જવાવાળાને અહીંથી જીવતો જવા દઈશું નહી, તમારા તો કટકા કરી નાંખીશુ તેમ કહી આરોપી નં.૦૧ નાએ નીચે પડેલ તલવારથી સાહેદ ગોરધનભાઈ જેશાભાઈ મારીવાડ તથા સાહેદ કેશાભાઈ લાલાભાઈ પગીનાઓ ને માથામાં મારી તથા આરોપી નં.૦૨ અને ૦૩ નાએ પોતાના હાથમાંની લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને લાકડીઓના ફટકા તેમજ ગડદાપાટુનો માર માર એકબીજા સાથે મળી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાના ઈરાદાથી ગંભીર ઈજાઓ કરી મારી નાંખવાનો પ્રયત્ન કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨)તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ:૨૦-૧૦-૨૦૧૭ ના રોજ કલાક:૨૦/ ૦૦ વાગ્યાના સુમારે ગોવિંદપુર (વચલા) ગામે તલવાર તથા લાકડી જેવા પ્રાણઘાતક હથીયાર ધારણ કરી ઈજા પામનારાઓએ ગંભીર ઈજાઓ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ: ૧૩૫ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

(૩). શું હુકમ ?

**૧૪).** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧). નકારમાં,

(૨). નકારમાં,

(૩). આખરી હુકમ મુજબ.

**<u>: કા ર ણો :</u>**

**<u>મુદ્દા નંબર:૧</u>**

**૧૫).** આ કામના આરોપીઓએ તા:૨૦-૧૦-૨૦૧૭ ના રોજ કલાક : ૨૦/૦૦ વાગ્યાના સુમારે મોજે ગોવિંદપુર(વચલા) ગામે આ કામના ફરીયાદીની દિકરી હંસાબેનને આરોપી નં.૦૨ નાઓ ભગાડી ગયેલ હોય અને દિવાળીના તહેવારમાં પોતાના ઘરે આવેલ હોય આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપીઓ ના ઘરે પોતાની દિકરી હંસાબેને લેવા સારૂ જતાં આરોપીઓએ બિભત્સ ગાળો બોલી બુમો પાડી ''અમારી વહુને લઈને જવાવાળાને અહીંથી જીવતો જવા દઈશું નહી, તમારા તો કટકા કરી નાંખીશુ તેમ કહી આરોપી નં.૦૧ નાએ નીચે પડેલ તલવારથી સાહેદ ગોરધનભાઈ જેશાભાઈ મારીવાડ તથા સાહેદ કેશાભાઈ લાલાભાઈ પગીનાોને માથામાં મારી તથા આરોપી નં.૦૨ અને ૦૩ નાએ પોતાના હાથમાંની લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને લાકડીઓના ફટકા તેમજ

ગડદાપાટુનો માર માર એકબીજા સાથે મળી જાનથી મારી નાંખવાનો પ્રયત્ન કર્યા સબબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**૧૬).** આમ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૦૭, ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. તેવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના એપ્રીસીએશન ઓફ એવીડન્સના અંગેના એક કરતાં વધારે ચુકાદામાં એસ્ટાબ્લીશ થયેલ સિધ્ધાંતો મુજબ હવે એ સેટલ લો છે કે, જયારે ફરીયાદી કે સાહેદના પુરાવામાં વિશ્વસનીયતા જણાતી હોય ફરીયાદી કે સાહેદ જે કંઈ કહી રહેલ છે તે માનવા લાયક અને વિશ્વાસપાત્ર છે તેવું જણાય ત્યારે ફરીયાદપક્ષના પુરાવામાં સામાન્ય વિરોધાભાસ હોય તો ફરીયાદપક્ષના કેસને વિપરીત અસરકર્તા નથી. ૨૦૦૨(૪) જી.એલ. આર. પાના નં. ૨૮૦૨, કાન્તીભાઈ પી. તડવી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ઉપરના ચુકાદામાં એવું સ્પષ્ટ ઓબ્ઝર્વ કરવામાં આવેલું છે કે, સામાન્ય વિરોધાભાસ ફરીયાદપક્ષની હકીકતને માનવાની વચ્ચે આવી શકે નહીં. ૨૦૦૫(૩) જી. એલ.આર.પાના નં.૨૨૦૩ ઉપરના જીતેન્દ્રકુમાર જયંતીલાલ ધ્રુવ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પણ ઓબ્ઝર્વ કરવામાં આવેલું છે કે, વિટનેશ પાસેથી કયારેય એવી અપેક્ષા રાખી ન શકાય કે તે વ્યકિત તેના નિવેદનમાં જણાવેલ હકીકત એકઝેટ તે જ શબ્દોમાં અને તે જ સીકવન્સમાં રીપ્રોડયુસ કરે. ૨૦૦૭(૧) જી.એલ.આર. પાના નં. ૯૯, જયંતીભાઈ કુબેરદાસ શર્મા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ઉપરના ચુકાદામાં એવું સ્પષ્ટ રીતે ઓબ્ઝર્વ કરવામાં

આવેલું છે કે, અદાલતોને તેમની સમક્ષ જુબાની આપનાર સાહેદની સમજ શકિતના લેવલને જોઈને પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. તે જ રીતે સાથે સાથે ૨૦૦૩ એસ. એ.આર.પાના નં.૨૧૭ ઉપરના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલું છે કે, જયારે સાહેદના પુરાવામાંથી વિશ્વાસ ઉત્પન્ન થતો ના હોય ત્યારે એવા પુરાવા ઉપર આધાર રાખી સજા થઈ શકે નહીં. આમ એપ્રીસીએશન ઓફ એવીડન્સ વખતે અદાલતે આ તમામ બાબતોને નજર સમક્ષ રાખીને પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કરવું જોઈએ અને બીજી તરફે એ હકીકતની પણ ગંભીરતાથી નોંધ લેવા જેવી છે કે, કાનુનશાસ્ત્ર મુજબ જયાં સુધી કોઈ વ્યકિતને જે તે ગુનામાં ગુનેગાર ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવા પાત્ર છે. હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે જોવામાં આવે અને તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ મુખ્યત્વે આ કામના ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ તેમજ બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવા ઉપર આધાર રાખે છે તેવા સંજોગોમાં સૌથી પ્રથમ એ પુરાવાનું માયનુટલી એપ્રીસીએશન કરવું જરૂરી છે.

## <u>અગત્યના સાહેદોનો પુરાવો</u>

**૧૭).** સૌ પ્રથમ ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી/સાહેદ નં. ૦૧ અમૃતભાઈ લાલાભાઈ પગીને આંક–૧૫થી તપાસવામાં આવેલા છે અને તેઓએ આપેલ ફરીયાદ આંક–૧૬ થી રજુ કરેલ છે. આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ

આશરે બેએક વર્ષ અગાઉ બનેલો, આ બનાવની જાણ તેમની દિકરીના સાસરીયાઓએ કરેલી અને જણાવેલ કે, ઝગડો થયેલો. આ સિવાય બીજી કોઈ માહિતી આપેલી નહી, આ સિવાય બનાવ બાબતે તેઓ કશું જાણતા નથી. જેથી તેઓએ બનાવની ફરીયાદ આપેલી. એવું બનેલ નહીં કે, તેમની દિકરીને કોઈ ભગાડી ગયુ હોય અને ત્યારબાદ મારા મારી ઝગડો થયેલો હોય. આ બનાવમાં વાપરેલ હથીયાર તેમને બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

**૧૭.૧)** આમ આ સાહેદ/ફરીયાદી તેમની આંક–૧૬ ની ફરીયાદની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને વિ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આ સાહેદને ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રી ધ્વારા સુચક પ્રશ્નો પુછવામાં આવેલા છે તેમાં પણ આ ફરીયાદી/સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન આપતા નથી. ઉલ્ટાનું આ સાહેદ તેઓની આરોપીપક્ષે થયેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ આપવા માટે તેમની સાથે અલ્પેશભાઈ પગી, હાથીભાઈ પગી વિગેરે આવેલા અને ફરીયાદીની હકીકત તેમની સાથે આવેલ વ્યક્તિઓએ લખાવેલી, ફરીયાદની હકીકત તેમને વાંચી સંભળાવેલી નહી. તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ ફરીયાદીના પુરાવાથી આંક–૧૬ ની ફરીયાદ પુરવાર કરવામાં સફળ રહેલા નથી. જેથી ફરીયાદીના પુરાવાથી કોઈ આરોપી વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી.

**૧૮).** તેવી જ રીતે ફરીયાદપક્ષ ધ્વારા બનાવમાં ઈજા પામનાર સાહેદ નં.૧૦ કેશાભાઈ લાલાભાઈ પગી, ઈજા પામનાર સાહેદ નં.૧૧ ચહેરાભાઈ લાલાભાઈ પગી, ઈજા પામનાર સાહેદ નં.૧૨ કોકીલાબેન અમતૃભાઈ પગી, સાહેદ નં.૧૩ સુર્યાબેન કેશાભાઈ પગી, સાહેદ નં.૧૪ હંસાબેન અમતૃભાઈ પગી, ઈજા પામનાર સાહેદ નં.૧૫ ગોરધનભાઈ જેશાભાઈ મારીવાડ, સાહેદ નં.૧૬ રણછોડભાઈ અમરાભાઈ પાંડોર નાઓને અનુક્રમે આંક–૪૩, આંક–૪૪, આંક–૪૫, આંક–૪૭, આંક–૪૮, આંક–૫૦ તથા આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબામાં આરોપીઓએ તેમને ગાળો બોલી માર મારેલ અને તલવાર તથા લાકડીથી ઈજાઓ પહોંચાડી હોય તેવું બનેલ નથી તેવો પુરાવો આપેલ છે. જેથી આ તમામ સાહેદો ને વિ. પી.પી.શ્રીની વિનંતી ફરી ગયેલા જાહર કરવામાં આવેલા છે. ત્યારબાદ આ તમામ સાહેદોની વિ.પી.પી.શ્રી ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ સાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. જેથી ફરીયાદપક્ષ હાલના સાહેદો ને આરોપીઓએ તલવાર તથા લાકડી મારી આક્ષેપ થયા મુજબની ઈજાઓ કરેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી. જેથી ઉપરોકત તમામ સાહેદોના પુરાવાથી આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય નહીં.

## <u>તબીબી પુરાવો</u>

**૧૯).** ઉપરોકત સાહેદોના પુરાવા સાથે તબીબ સાહેદોનો પુરાવો પણ ધ્યાને લેવો ખુબ જ જરૂરી છે. જેથી ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ નં.૧૭ ડો.પ્રતિક્ષાબેન કાન્તીલાલ ડામોરને આંક–પ૪થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા: ૨૩–૧૦–૨૦૧૭ ના રોજ માલપુર સી.એચ.સી.માં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે પોલીસ યાદી સાથે સવારે ૧૦/૩૦ કલાકે સુર્યાબેન કેશાભાઈ પગીને મારા મારીને ફરીયાદમાં તેમની પાસે લાવેલા, તેઓએ દર્દીને હીસ્ટ્રી પુછતાં ''ગડદા પાટુનો માર વાગ્યો હતો'' તેવી હકીકત જણાવેલી, દર્દીને તપાસતાં શરીરના ભાગે બેઠો માર વાગેલો તેની સારવાર કરેલી અને તે બાબતનું મેડીકલ સર્ટીફીકેટ આપેલ તે આંક–પ૭ થી રજુ કરેલ છે.

**૧૯.૧)** આ ઉપરાંત દર્દી કોકીલાબેન અમૃતભાઈ પગીનાઓ ને તે જ દિવસે સારવાર માટે લાવેલા અને તેઓને તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં ''ગડદાપાટુનો માર અને બરડાના ભાગે બેઠો માર વાગ્યો હતો'' તે મુજબની હીસ્ટ્રી આપેલી. તેમને તપાસતાં ગડદાપાટુનો માર અને બરડાના અનેશ રીરના ભાગે બેઠો માર વાગેલો હતો અને તે બાબતનું મેડીકલ પ્રમાણપત્ર આપેલ તે આંક–પ૯ થી રજુ કરેલ છે.

**૧૯.૨)** તેવી જ રીતે દર્દી ચહેરાભાઈ લાલુભાઈ પગીનાઓ ને તેજ દિવસે તેમની સમક્ષ સારવાર માટે લાવવામાં આવેલા. તેઓ રૂબરૂની

હીસ્ટ્રીમાં દર્દીએ જણાવેલ કે, ''લાકડીથી માર મારેલ હતો''. આ દર્દીને તપાસતાં જમણા હાથે વાગેલુ હતુ, જેમાં સોજો જણાતો હતો, ગળાના ભાગે નખના ઉઝરડાના નિશાન હતા ને બેઠો માર બરડા અને શરીરના ભાગે વાગેલો હતો. તેઓને ઓર્થોપેડીક ડોકટરને રીફર કરેલા. તેઓએ સારવાર કરેલી તેનું મેડીકલ સર્ટીફીકેટ આપેલ તે આંક-૬૧ થી રજુ કરેલ છે.

**૧૯.૩)** તે જ દિવસે અન્ય દર્દી કેશાભાઈ લાલાભાઈ પગીનાઓને તેમની સમક્ષ સારવાર માટે લાવેલા અને દર્દીને તપાસતાં અગાઉ હીસ્ટ્રી લીધેલ. જેમાં દર્દીએ ''લાકડી અને તલવારથી માર મારેલા હતો'' તેવી હીસ્ટ્રી આપેલી. ત્યારબાદ દર્દીની સારવાર કરેલી, જેમાં (૧)માથાના ભાગે ૨.૫. × ૦.૫ સે.મી.માપનો ઈન્સાઈઝ વુન્ડ હતો, (૨) ડાબા પગે જમણી બાજુ ઉઝરડાના નિશાન હતા, (૩) જમણા હાથે ઉઝરડાના નિશાન હતા, (૪) બરડા અને શરીરે બેઠો માર વાગેલ હતો. તેઓએ સારવાર કરેલી તેનું મેડીકલ પ્રમાણપત્ર આપેલ તે આંક-૬૩ થી રજુ કરેલ છે.

**૧૯.૪).** આ ઉપરાંત દર્દી નામે અમરતભાઈ લાલાભાઈ પગી ને તેમની સમક્ષ લાવવામાં આવેલા. આ દર્દીએ તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં ''લાકડીથી માર મારેલ હતો'' તેવી હકીકત જણાવેલી. આ દર્દીને તપાસતાં બરડાના ભાગે જમણી બાજુ ૯ સે.મી. લાંબો અને ૧.૫ સે.મી. પહોળો રતાશ પડતા કાળા કલરનું ચકામુ હતું. તેઓએ સારવાર આપેલી તેનું મેડીકલ પ્રમાણપત્ર આંક-૬૫ થી રજુ કરેલ છે. આ તમામ દર્દીઓને આઉટ ડોર સારવર આપેલી. આ તમામ દર્દીઓને થયેલ ઈજાઓ સાદા પ્રકારની હતી.

તેઓએ તપાસેલ તમામ દર્દીઓને લાકડી તથા ઉંધી તલવાર વડે મારવામાં આવે તો તેઓને થયેલી હતી તે ઈજાઓ સંભવી શકે. આ સાહેદને મુદ્દામાલ પાવતી નં.૮૭/૧૭ના આર્ટીકલ નં.૧ વાળી તલવાર તથા મુદ્દામાલ પાવતી નં.૯૪/૨૦૧૭ ના આર્ટીકલ નં.૧ અને લાકડી બતાવતાં સદર તલવાર તથા લાકડીઓ વડે દર્દીઓને હતી તેવી ઈજાઓ સંભવી શકે.

**૨૦).** આ ઉપરાંત ફરીયાદપક્ષના તબીબ સાહેદ નં.૧૮ ડો.પ્રિયંક કુમાર નવનીતભાઈ પટેલને આંક-૬૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા: ૨૦-૧૦-૨૦૧૭ ના રોજ માલપુર સી.એચ.સી.માં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ગોવરધનભાઈ જેશાભાઈ મારીવાડ ને પોલીસ યાદી વગર સાંજના આઠ વાગે સારવાર સારૂ લાવેલા. તેઓએ તેમની રૂબરૂની હીસ્ટ્રીમાં તા:૨૦-૧૦-૨૦૧૭ ના રોજ સાંજના છ વાગ્યે તેમના ઘર ગોવિંદપુર ખાતે મારા મારી થઈ હતી'' તેવી હકીકત જણાવેલી. આ દર્દીને તપાસતાં માથામાં જમણી બાજુ અંદાજીત ૪.૦×૧.૦ × ૦.૫ સે.મી.નો છુંદાયેલો ઘા હતો. તેઓએ સારવાર આપેલી તે બાબતનું મેડીકલ પ્રમાણપત્ર આપેલ તે આંક-૬૮ થી રજુ કરેલ છે. દર્દીને જે ઈજા હતી તે સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તે પ્રકારની હતી. સાહેદને મુદ્દામાલ પાવતી નં.૯૭/૨૦૧૭ ના આર્ટીકલ નં.૧ લાકડી તથા આર્ટીકલ નં.૨ લાકડીઓ વડે તથા મુદ્દામાલ પાવતી નં.૮૭/૨૦૧૭ ના

આર્ટીકલ નં.૧ તલવાર જે તલવાર ઉંધી મારવામાં આવે તો દર્દીને થયેલ હતી તે પ્રકારની ઈજા સંભવી શકે.

**૨૦.૧).** આ તબીબ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓની આરોપી પક્ષે ઉલટ તપાસ થયેલ છે. જેમાં આરોપીપક્ષે સુચન કે, ઘણા બધા કારણોસર દર્દીઓને થયેલ હતી તેવી ઈજાઓ સંભવી શકે, રીક્ષામાં બેઠેલ વ્યકિતઓ પડી જવાથી દર્દીઓને હતી તે પ્રકારની ઈજાઓ સંભવી શકે તેવા સુચનોનો સ્વીકાર કરેલ છે. વિશેષમાં આરોપીપક્ષે સુચન કે, કોઈ વ્યસ્કિત નીચે પડી જાય અને માથામાં વાગે તો દર્દીને હતી તે પ્રકારની ઈજા સંભવી શકે.

**૨૦.૨)** આમ સદર મેડીકલ પુરાવાથી સદર ઈજા પામનાર વ્યકિતઓને મેડીકલ પુરાવા મુજબની ઈજા થયાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ તમામ ઈજા પામનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેઓને હાલના આરોપીઓએ તલવાર તથા લાકડી તથન ગડદા પાટુ વડે ઈજા કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તેમજ સાહેદ નં.૧૭ નાએ તેમના પુરાવામાં તેઓએ સારવાર આપેલ દર્દીઓને થયેલ ઈજા સાદા પ્રકારની હોવાનો પુરાવો આપેલ છે અને સાહેદ નં.૧૮ નાએ તેમની જુબાની માં ઈજાના પ્રકાર અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી મેડીકલ પુરાવાથી ઈજા પામનાર સાહેદોને ઈજા થયેલ હોવાનું સાબિત માનવામાં આવે તો

પણ સાબિત થયેલ ઈજા હાલના કોઈ આરોપીએ કરેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

## <u>પંચ સાહેદોનો પુરાવો</u>

**૨૧).** ફરીયાદપક્ષ ધ્વારા ગુનાવાળી જગ્યાના પંચનામા તથા ગુન્હામાં વાપરેલ મુદ્દામાલ લાકડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ નં.૦૨ સુરેશભાઈ જેશાભાઈ પાંડોર, પંચ સાહેદ નં.૦૩ નવાભાઈ પુજાભાઈ પાંડોર, પંચ સાહેદ નં.૦૪ ગુલાબભાઈ રણછોડભાઈ પાંડોરનાઓન અનુક્રમે આંક–૧૮, આંક–૨૩ તથા આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ ત્રણે સાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાની વિગતોને તેમજ ગુન્હામાં વાપરેલ લાકડી કબજે કર્યાના પંચનામાની વિગતોને સમર્થન આપતા ના હોઈ તેઓએ વિ.પી.પી.શ્રીની વિનંતી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ આ પંચ સાહેદોની વિ.પી.પી.શ્રી ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં પણ આ ત્રણે પંચ સાહેદો આંક–૧૯ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૨૦ મુદ્દામાલ લાકડી કબજે કર્યાના પંચનામાની વિગતોને સમર્થન આપતા નથી. જેથી ફરીયાદપક્ષ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૯ તથા આંક–૨૦ નું પંચનામુ પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

**૨૨).** ફરીયાદપક્ષ ધ્વારા ઈજા પામનાર સાહેદોની શરીર સ્થિતીના પંચનામા કર્યાના પંચ સાહેદ નં.૦૫ અલ્પેશભાઈ હાથીભાઈ પગી તથા પંચ સાહેદ નં.૦૯ જશવંતભાઈ લક્ષ્ણભાઈ ખાંટને અનુક્રમે આંક–૨૫ તથા

આંક–૩૯ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદ ઈજા પામનારના શરીર સ્થિતીના પંચનામા ની વિગતોને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ આ પંચ સાહેદોની વિ..પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ પંચ સાહેદો આંક–૨૬ના પંચનામાની વિગતોને સમર્થન આપતા નથી. જેથી આ પંચ સાહેદોના પુરાવાથી ઈજા પામનારના શરીર સ્થિતીનું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૨૩).** તેવી જ રીતે ફરીયાદપક્ષ ધ્વારા આરોપી જવાનજી મથુરજી પાંડોરની શરીર સ્થિતીનું પંચનામું કરેલ તે પંચનામાના પંચ સાહેદ નં.૦૬ અરજણભાઈ નાનાભાઈ પગી તથા બીજા પંચ સાહેદ નં.૦૭ હાથીભાઈ માલાભાઈ પગીને અનુક્રમે આંક–૩૧ તથા આંક–૩૭ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદો તેમની જુબાનીમાં તૈયાર પંચનામામાં સહી પોલીસે લીધેલાની હકીકત જણાવતા હોઈ અને તેઓની હાજરીમાં પોલીસ રૂબરૂમાં કોઈ ચીજસ્તુ રજુ કરી હોય અને પંચનામાની વિગતે કબજે કરેલ હોય તેવી હકીકત જણાવતા ના હોઈ તેઓને વિ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આમ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૩૨ નું આરોપીની શરીર સ્થિતીનું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૨૪).** તેવી જ રીતે ફરીયાદપક્ષ ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૨૭ મુજબનું ગુન્હામાં વાપરેલ તલવાર કબજે કર્યાના પંચનામાના

પંચ સાહેદ નં.૦૯ નાથાભાઈ માલાભાઈ પગીને આંક–૪૦ થી તપસાવમાં આવેલા છે. આ પંચ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પોલીસે તેમને લખેલા તૈયાર કાગળમાં સહીઓ કરવાનું કહેતાં તેઓએ સહીઓ કરેલી, તેમની હાજરીમાં કોઈ ચીજ વસ્તુ કબજે કરેલી નહીં. આમ આ પંચ સાહેદ આંક–૪૧ ના મુદ્દામાલ તલવાર કબજે કર્યાના પંચનામાની વિગતનો સમર્થન આપતા ના હોઈ તેઓને વિ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આમ આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૪૧ નું ગુન્હામાં વાપરેલ તલવાર કબજે કર્યાનું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

## <u>પોલીસ સાહેદનો પુરાવો</u>

**૨૫).** ફરીયાદપક્ષ ધ્વારા સાહેદ નં.૧૯ કેતનકુમાર દિલીપભાઈ બ્રહમભટ્ટને આંક–૭૪થી તપાસવામાં આવેલા છે. તેઓને તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા:૨૧–૧૦–૨૦૧૭ ના રોજ પી.એસ.આઈ. તરીકે માલપુર પો. સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીએ તેમની રૂબરૂ ફરીયાદ હકીકત જાહેર કરતાં ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી અને ગુનો રજીસ્ટર થવા માટે પી.એસ.ઓ. માલપુર પો.સ્ટે. તરફ મોકલી આપેલ. ત્યારબાદ ગુનો રજીસ્ટર થવા બાદ આ ગુનાની તપાસ તેઓને સોંપતા તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું, સાહેદોની શરીર સ્થિતીનું પંચનામુ કરેલું, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબનું પંચનામુ કરેલુ, લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, ઈજા

પામનારાઓના સારવાર સર્ટીફીકેટ મેળવેલા અને કામમાં સામેલ રાખેલ, મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલ, ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઓફીસરને યાદી કરેલી, ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં અટક કરેલા અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ રજુ કરેલું . આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૭૫ થી સુચીપત્ર, આંક–૭૬ થી ઈજાના મેડીકલ સર્ટીફીકેટ મેળવવા યાદી, આંક–૭૭ થી આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા માટેની યાદી, આંક–૭૮ થી એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ,આંક–૭૯ થી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફીસર, માલપુરને લખેલ યાદી, આંક –૮૦ થી મુદ્દામાલ રવાનગી નોંધ, આંક–૮૧થી એફ.એસ.એલ.ની પહોંચ આંક–૮૨ થી એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ, આંક–૮૩ થી જાહેરનામાની નકલ રજુ કરેલ છે.

**૨૫.૧)** આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ એ તેમની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસમાં આવેલ ફરીયાદી, ઈજા પામનાર તથા અન્ય સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું ના હોય ત્યારે માત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય નહીં.

**<u>મુદ્દા નંબર:૦૩</u>**

**૨૬).** ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવામાં મુંબઈ પોલીસ અધિનિયમન-૧૯૫૧ની કલમ-૩૭(૧) જાહેરનામું આંક-૮૩ થી રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર આક્ષેપ વિચારણામાં લેતાં તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયાર બંધીના જાહેરનામાની (આંક-૮૩) નિયમ મુજબની યોગ્ય પ્રસિધ્ધિ કરવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ ધ્વારા જરૂરી સાહેદો તપાસી પુરવાર કરેલ નથી.

**૨૭).** આમ આ કામે ફરીયાદપક્ષના પુરાવા મુજબ રજુ થયેલ તમામ પુરાવાની ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ ઈજા પામનાર સાહેદ નં.૧૦ કેશાભાઈ લાલાભાઈ પગી, સાહેદ નં.૧૧ ચહેરાભાઈ લાલાભાઈ પગી, સાહેદ નં.૧૨ કોકીલાબેન અમૃતભાઈ પગી, સાહેદ નં.૧૩ સુર્યાબેન કેશાભાઈ પગી તથા સાહેદ નં.૧૫ ગોવરધનભાઈ જેશાભાઈ મારીવાડનાઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં હાલના આરોપીઓએલતેઓને તલવાર તથા લાકડી મારી મારી ઈજા કરેલ હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. તેમજ ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલા અન્ય સાહેદ તેમજ તમામ પંચનામાના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે તે તમામ કારણોસર ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો તહોમત સાબિત કરવા માટે મદદરૂપ થતો નથી. જેથી આરોપીઓને તેઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત વિશ્વાસલાયક પુરતા અને વ્યાજબી શંકાથી પર

એવા પુરાવાથી સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને કારણ છે. જેથી આવા પુરાવાના અભાવે આરોપીઓને હાલના આક્ષેપિત ગુના સાથે સાંકળવા માટેનું પુરતું ન્યાયિક કારણ જણાતું નથી. જેથી આ કામના આરોપીઓએ તા:૨૦-૧૦-૨૦૧૭ ના રોજ કલાક : ૨૦/૦૦ વાગ્યાના સુમારે મોજે ગોવિંદપુર(વચલા) ગામે આ કામના ફરીયાદીની દિકરી હંસાબેનને આરોપી નં.૦૨ નાઓ ભગાડી ગયેલ હોય અને દિવાળીના તહેવારમાં પોતાના ઘરે આવેલ હોય આ કામના ફરીયાદી તથા સાહેદો આરોપીઓ ના ઘરે પોતાની દિકરી હંસાબેને લેવા સારૂ જતાં આરોપીઓએ બિભત્સ ગાળો બોલી બુમો પાડી ''અમારી વહુને લઈને જવાવાળાને અહીંથી જીવતો જવા દઈશું નહી, તમારા તો કટકા કરી નાંખીશુ તેમ કહી આરોપી નં.૦૧ નાએ નીચે પડેલ તલવારથી સાહેદ ગોરધનભાઈ જેશાભાઈ મારીવાડ તથા સાહેદ કેશાભાઈ લાલાભાઈ પગીનાોને માથામાં મારી તથા આરોપી નં.૦૨ અને ૦૩ નાએ પોતાના હાથમાંની લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને લાકડીઓના ફટકા તેમજ ગડદાપાટુનો માર માર એકબીજા સાથે મળી જાનથી મારી નાંખવાનો પ્રયત્ન કરી અધિક જીલ્લા મેજી.શ્રીના જાહેરનામનો ભંગ કરી ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬ (૨)તથા ૧૧૪ તથા જી.પી.એકટ- ૧૩૫ મુજબ શિક્ષા પાત્ર ગુનો આરોપીઓએ કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવા પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ થયેલ છે.

જેથી **મુદ્દા નંબર:૦૧ તથા ૦૨ નો** જવાબ **નકારમાં** આપું છું અને **મુદ્દા નંબર:૦૩** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // **આ ખ રી હુ ક મ** //

આ કામના આરોપી:(૨) રવિદત્ત જવાનજી પાંડોર (૩) દલપતભાઈ સુરમાભાઈ પાંડોરનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપી નં.૦૧ જવાનજી મથુરજી પાંડોર ચાલુ કામે ગુજરી ગયેલ હોઈ તા:૨૯–૦૯–૨૦૨૧ ના રોજ ચાર્જસીટ લગત હુકમ કરી તેમના પુરતો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭(એ) ના સુધારા મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સબંધે દરેકે રૂપીયા:૧૦,૦૦૦–૦૦ (અંકે દશ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

હુકમ આજ **તારીખ:૧૨ મી માહે જુન સને ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મોડાસા **(હર્ષિત સી. વોરા)**
તા.૧૨/૦૬/૨૦૨૩ સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા.
(કોડ નં. જીજે ૦૦૩૫૯)

DSR

સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા